# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ

તા.૨૨.૦૧.૨૦૧૮

-------------------

**આવતીકાલે સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ નિમિતે યુવા મોરચા દ્વારા નડાબેટ ભારત-પાકિસ્તાન બોર્ડર ખાતે રક્તદાન શિબિર યોજાશે**

-------------------

**સરહદ પર દેશની રક્ષા કરનારા જવાનો માટે યુવા મોરચો ૧૧૧૧ રક્તના યુનિટ એકત્રિત કરશે**

-------------------

**પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડૉ. ઋત્વિજ પટેલ નડાબેટ ખાતે યોજાનાર રક્તદાન શિબિરમાં વિશેષ ઉપસ્થિત રહેશે**

-------------------

પ્રદેશ યુવા મોરચાના મહામંત્રીશ્રી ડૉ. નેહલ શુક્લાએ એક અખબારી યાદીમાં જણાવતા કહ્યું હતું કે આવતીકાલે સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ નિમિતે ગુજરાત યુવા મોરચા દ્વારા **"તુમ મુઝે ખૂન દો મેં તુમેં આઝાદી દુંગા"**ના સૂત્રને યાદ કરી દરેક જીલ્લામાં રક્તદાન શિબિરનું આયોજન કરાશે. જેના ભાગ રૂપે યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલ અને બી.એસ.એફ.ના આઇ.જી. શ્રી અજય તોમરની વિશેષ ઉપસ્થિતમાં નડાબેટ ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર બી.એસ.એફ.ના જવાનો વચ્ચે રક્તદાન શિબિર યોજી **૧૧૧૧ રક્તના યુનિટ એકત્રિત કરશે.**

નડાબેટ ખાતે યોજાનાર આ રક્તદાન શિબિર દેશની રક્ષા કરનાર જવાનો માટે જે દેશના સરહદ પર દેશની રક્ષા કરે છે અને જયારે તેમને રક્તની જરૂર પડે ત્યારે તેઓને તાત્કાલિક ધોરણે રક્તની સહાય મળી રહે તેવા વિશેષ અભિગમથી આ રક્તદાન કેમ્પનું આયોજન થયેલ છે. આ રક્તદાન કેમ્પમાં ૧૫૦૦થી વધારે યુવાનો દેશના જવાનો માટે રક્ત આપશે.

આ રક્તદાન શિબિરમાં રાજ્યના પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચોધરી, બનાસકાઠા જિલ્લાના પ્રભારીશ્રી દુષ્યંત પંડ્યા, બનાસકાઠા જીલ્લાના પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ, બનાસકાઠા જિલ્લાના યુવા મોરચાના પ્રમુખ શ્રી હરેશ ચોધરી ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ